પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦૪ | ૧૬ જાન્યુઆરી, ૨૦૨૨, રવિવાર; પોષ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ત્રીજી લહેર પીક પર હોવાનાં સંકેત

## દિલ્હી-મુંબઈમાં કોરોનાના કેસમાં નોંધાયેલો ઘટાડો ટેસ્ટિંગ ઘટવાને લીધે છે કે અન્ય કારણ જવાબદાર છે એ બાબતે નિષ્ણાતો દ્વીધામાં : કોરોનાની ત્રીજી લહેર દરમિયાન બે રાજ્યો સૌથી વધુ અસરગ્રસ્ત રહ્યા

નવી દિલ્હી , તા.૧૫

શુક્રવારે દિલ્હી અને મુંબઈમાં દૈનિક કોવિડ -૧૯ કેસોમાં તીવ્ર ઘટાડો થયો હતો પરંતુ એ સ્પષ્ટ નથી કે ઘટાડો કોરોના સંક્રમણ ઘટવાના કારણે હતો કે ટેસ્ટિંગમાં ઘટાડાના કારણે, મહત્વનું છે કે આ લહેરમાં દરમિયાન દેશમાં આ બંને શહેરો સૌથી વધુ અસરગ્રસ્ત રહ્યા છે. ભારતમાં શુક્રવારના રોજ માત્ર ૨.૭૦ લાખથી ઓછા કોરોના સંક્રમણના દૈનિક કેસ સામે આવતા ટોટલ કેસોમાં નજીવો વધારો નોંધાયો હતો. એક દિવસ પહેલા આ કેસનો આંકડો ૨.૬૪ લાખ હતો. તો શુક્રવારે સમગ્ર દેશમાં કોવિડ ટેસ્ટિંગમાં પણ ઘટાડો નોંધાયો હતો. જે અગાઉના દિવસના ૧૮.૮૬ લાખની તુલનાએ ઘટીને ૧૭.૮૭ લાખ થઈ ગયું હતું. દિલ્હીમાં શુક્રવારે ૨૪,૩૮૩ નવા કેસ નોંધાયા હતા, જે અગાઉના દિવસે નોધાયેલા ઓલ ટાઈમ હાઈ દૈનિક કોવિડ કેસ ૨૮,૮૬૭ કરતા ઘણાં ઓછા હતા. તો બીજી તરફ મુંબઈમાં પણ દૈનિક કોવિડ કેસોમાં ઘટાડો થયો હતો. અહીં શુક્રવારે ૧૧,૩૧૭ નવા કેસ નોંધાયા હતા. જે ગુરુવારે નોંધાયેલા કેસની સંખ્યામાં ૧૭% નો ઘટાડો સૂચવે છે. જોકે બંને શહેરોમાં છેલ્લા આઠ દિવસની સરખામણીએ ગુરુવારે હાથ ધરવામાં આવેલા કોવિડ ટેસ્ટિંગની સંખ્યામાં પણ નોંધપાત્ર રીતે ઘટાડો જોવા મળ્યો હતો. તેમ છતાં, બંને શહેરોના કોવિડ ડેટામાં મહત્વપૂર્ણ તફાવત એ હતો કે, જ્યારે ટેસ્ટ પોઝિટીવીટી રેટ (ટીપીઆર - કોવિડ ટેસ્ટના પોઝિટિ આવવાની ટકાવારી) સામાન્ય રીતે મુંબઈમાં



● અનુસંધાન પાન-૭ પર

## હવે, સંયુક્ત રાષ્ટ્રસંઘ કોરોના સંદર્ભે ભારતને ચેતવણી આપે છે

### ભારતમાં ફરી ડેલ્ટા જેવો કહેર : એપ્રિલથી જૂન ૨૦૨૧ વચ્ચે કોરોનાના ડેલ્ટા સ્વરૂપની ઘાતક લહેરમાં ૨,૪૦,૦૦૦ લોકોના મોત થયા હતા

નવી દિલ્હી,તા.૧૫

ભારતમાં ફરી એકવાર કોરોનાના કેસમાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. દરમિયાન WHO બાદ હવે સંયુક્ત રાષ્ટ્રએ ભારતને ચેતવણી આપી છે. સંયુક્ત રાષ્ટ્રના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગયા વર્ષે ભારતમાં આવેલા ડેલ્ટા વેરિયન્ટની લહેરની જેમ ભવિષ્યમાં પણ આવી જ સ્થિતિ ઊભી થઈ શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે એપ્રિલથી જૂન ૨૦૨૧ વચ્ચે કોરોનાના ડેલ્ટા સ્વરૂપની ઘાતક લહેરમાં ૨,૪૦,૦૦૦ લોકોના મોત થયા હતા. આ દરમિયાન આર્થિક સુધારણા અવરોધાઈ હતી. યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૨ રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કોવિડ-૧૯ના અત્યંત ચેપી ઓમાઈક્રોન સ્વરૂપના ચેપના નવી લહેરને કારણે મૃત્યુઆંક અને આર્થિક નુકસાન ફરી વધવાની આશંકા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ’ભારતમાં ડેલ્ટા વેરિયન્ટના ચેપની ઘાતક લહેરે એપ્રિલ અને જૂન વચ્ચે ૨૪૦,૦૦૦ લોકોનો જીવ લીધો હતો. આ ઉપરાંત આર્થિક રીતે પણ મોટો ફટકો પડ્યો હતો. નજીકના સમયમાં આવી જ સ્થિતિ સર્જાઈ શકે છે. યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સના અંડર-સેક્રેટરી-જનરલ લિયુ જેન્મિને જણાવ્યું હતું કે, COVID-19ને નિયંત્રિત કરવા માટે સંકલિત અને ટકાઉ વૈશ્વિક અભિગમ વિના આ રોગચાળો સમાવેશી અને વિકાસ માટે સૌથી મોટું જોખમ ઊભું કરવાનું ચાલુ રાખશે. કોરોના વાયરસનું ઓમિક્રોન સ્વરૂપ ઝડપથી ડેલ્ટા સ્વરૂપથી આગળ નીકળી રહ્યું છે અને આ સ્વરૂપથી સંક્રમણના કેસો હવે સમગ્ર વિશ્વમાં સામે આવી રહ્યા છે. WHOના એક વરિષ્ઠ અધિકારીએ આ અંગે ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે એવા પુરાવા છે કે ઓમિક્રોન રોગપ્રતિકારક શક્તિને ટાળી શકે છે, પરંતુ રોગની ગંભીરતા અન્ય સ્વરૂપોની તુલનામાં ઓછી છે. WHOના ચેપી રોગ રોગચાળાના નિષ્ણાત COVID-19 ટેકનિકલ અગ્રણી મારિયા વાન કેરખોવે જણાવ્યું હતું કે કેટલાક દેશોમાં ઓમિક્રોનને ડેલ્ટા પર પ્રભુત્વ મેળવવામાં સમય લાગી શકે છે કારણ કે તે તે દેશોમાં ડેલ્ટા સ્વરૂપના ફેલાવાના સ્તર પર નિર્ભર રહેશે. યુરોપિયન મેડિસિન એજન્સીના વેક્સિન વ્યૂહરચના વડા માર્કો કેવેલેરીએ કહ્યું, ’કોઈને ખબર

● અનુસંધાન પાન-૭ પર

## પાંચ રાજ્યોમાં હજુ ૨૨મી સુધી ચૂંટણી રેલી પર પ્રતિબંધ

નવી દિલ્હી, તા. ૧૫

ચૂંટણી પંચની તાકિદની બેઠકમાં નિર્ણય કરાયો હતો કે, કોરોનાની વણસતી પરિસ્થિતિના સંદર્ભે હજુ ૨૨મી સુધી કોઈપણ રાજકીય પક્ષને સભા કે રેલી માટે પરવાનગી અપાશે નહિ. ચૂંટણી પંચની અખબારી યાદીમાં જણાવાયા મુજબ માન્ય - અમાન્ય તમામ રાજકીય પક્ષોએ આ સૂચનાનું પાલન કરવું જ પડશે નહી તો તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવાની ધમકી પણ ઉચ્ચારાઈ હતી.

જે સંદર્ભે પંજાબ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણીપુર રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓને તથા રાજ્યના પોલીસ વડાઓને તાકિદની સુચના અપાઈ છે.

## દેશમાં કોરોનાના નવા ૨,૬૮,૮૩૩ના કેસ

### છેલ્લા ૨૪ કલાકમાં ૪૦૨ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો : દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૪,૧૭,૮૨૦ પર પહોંચી છે, દૈનિક પોઝિટિવિટી રેટ ૧૬.૬૬ ટકા છે

નવી દિલ્હી, તા.૧૫


ભારતમાં જાન્યુઆરીની શરૂઆતથી કોરોનાના કેસ તીવ્ર ગતિએ વધી રહ્યા. દેશમાં કોરોનાના નવા કેસ સૌથી વધુ મહારાષ્ટ્રમાં સામે આવી રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૨,૬૮,૮૩૩નવા કેસ નોંધાયા છે અને ૪૦૨ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૨૬૮૪ સંક્રમિતો સાજા થયા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૪,૧૭,૮૨૦ પર પહોંચી છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૧૬.૬૬ ટકા છે ઓમિક્રોનના કુલ કેસ ૬૦૪૧ થયા છે. દેશભરમાં કોરોના વાયરસના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. છેલ્લા બે દિવસમાં લતા મંગેશકર, કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ, ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા અને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, કર્ણાટકના મુખ્યમંત્રી સહિત એક કેન્દ્રીય નેતાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત જાનવી કપૂર, ખુશી કપૂર, સુઝેન ખાન, વીર દાસ, નેહા પેડસે, મોહિત મલિક પણ સંક્રમિત થયા છે. રાજ્યમાં ગઈકાલે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૦,૦૧૯ કેસ નોંધાયા છે. બીજી તરફ ૪૮૩૧ દર્દીઓ રિકવર પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૪૦,૯૭૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. તો બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ૯૨.૭૩ ટકાએ પહોંચ્યો છે.રાજ્યમાં કોરોના સંક્રમણથી આજે ૨ મોત થયા. આજે ૩૮,૪૪૬ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે.

## પહેલી ફેબ્રુઆરીએ સંસદમાં કેન્દ્રીય બજેટ

### સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે : બજેટ સેશન ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલશે જ્યારે બજેટનું બીજું સત્ર ૧૪ માર્ચથી આઠ એપ્રિલ સુધી ચાલશે

નવી દિલ્હી, તા.૧૫

સંસદનુ બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરુ થશે. નાણા મંત્રી નિર્મલા સિતારમન પહેલી ફેબ્રુઆરી એ સંસદમાં બજેટ રજૂ કરશે.બજેટ સેશન ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલશે.જ્યારે બજેટનુ બીજ



સેશન ૧૪ માર્ચથી આઠ એપ્રિલ સુધી ચાલશે. સૂત્રોનુ કહેવુ છે કે, આ વર્ષના બજેટમાં આમ આદમીને બહુ રાહત મળવાની આશા છે.

૩૧ જાન્યુઆરીએ સંસદના બંને ગૃહમાં રાષ્ટ્રપતિના ભાષણથી બજેટ સત્રની શરુઆત થશે.જોકે બજેટ સત્ર પહેલા સંસદના ૪૦૦ જેટલા કર્મચારીઓ કોરોના પોઝિટિવ થયા છે અને તે બાબત સરકાર માટે ચિંતાનો વિષય છે. સંસદના બજેટ સત્ર માટે પણ કોરોનાના વધતા કેસોને ધ્યાનમાં રાખીને વિશેષ વ્યવસ્થા કરવા માટે આદેશ આપવામાં આવ્યા છે. શક્ય છે કે, તમામ સાંસદોના બજેટ સત્ર પહેલા કોરોના ટેસ્ટ કરવામાં આવે.

## જેસલમેરમાં ખાદીમાંથી બનેલો ૧૪૦૦ કિલોનો ત્રિરંગો લહેરાવાયો

### તિરંગો લોંગેવાલામાં પ્રદર્શિત કરવામાં આવ્યો : તિરંગો ૨૨૫ ફૂટ લાંબો અને ૧૫૦ ફૂટ પહોળો છે, ઝંડો તૈયાર કરવામાં ખાદીના ૭૦ કારીગરોને ૪૯ દિવસ લાગ્યા

નવી દિલ્હી, તા.૧૫

આજે શનિવારે સેના દિવસ નિમિત્તે રાજસ્થાનના જૈસલમેર ખાતે ભારત-પાકિસ્તાન સરહદ પર ખાદીમાંથી બનેલો રાષ્ટ્રીય ધ્વજ ’તિરંગો’ લહેરાવવામાં આવ્યો. આ તિરંગો લોંગેવાલામાં પ્રદર્શિત કરવામાં આવશે જે ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા ઐતિહાસિક યુદ્ધનું મુખ્ય કેન્દ્ર હતું. આ તિરંગો ૨૨૫ ફૂટ લાંબો અને ૧૫૦ ફૂટ પહોળો છે અને તેનું વજન ૧,૪૦૦ કિગ્રા છે. આ ઝંડો તૈયાર કરવામાં ખાદીના ૭૦ કારીગરોને ૪૯ દિવસ લાગ્યા હતા. સ્મારક રાષ્ટ્રીય ધ્વજના નિર્માણથી ખાદી કારીગરો અને શ્રમિકોને ૩,૫૦૦ કલાકનું વધારાનું કામ મળ્યું છે. આ ઝંડાને બનાવવામાં ૪,૫૦૦ મીટર હાથથી કાંતેલા અને હાથથી વણેલા ખાદીના સુતરાઉ ધ્વજપટનો ઉપયોગ કરવામાં આવેલો છે જે ૩૩,૭૫૦ વર્ગફૂટના કુલ ક્ષેત્રફળને કવર કરે છે. ધ્વજમાં અશોક ચક્રનો વ્યાસ ૩૦ ફૂટ છે. ૨ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ લેહ ખાતે તિરંગાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ખાદી દ્વારા સાર્વજનિક પ્રદર્શન માટે બનાવાયેલો આ ૫મો ધ્વજ છે. બીજો તિરંગો ૮ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ વાયુ સેના દિવસના અવસર પર હિંડન એરબેઝ પર અને ૨૧ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ લાલ કિલ્લા પર પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. તે જ દિવસે ભારતમાં ૧૦૦ કરોડ વેક્સિનેશન ડોઝનો આંકડો પૂરો કરવામાં આવ્યો હતો. ૪ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ નૌસેના દિવસની ઉજવણી માટે મુંબઈમાં ગેટવે ઓફ ઈન્ડિયા પાસે નૌસેના ડોકયાર્ડમાં રાષ્ટ્રીય ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. તિરંગો ભારતીયતાની સામૂહિક ભાવના અને ખાદીના વારસા શિલ્પકલાનું પ્રતીક છે.



## હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં માઈનસ ૪.૫ ડિગ્રી ઠંડી

### ગાંધીનગર ૭.૩, ડીસામાં ૭.૭ ડિગ્રી ઠંડી



અમીરગઢ, તા.૧૫

છેલ્લા કેટલાક દિવસોથી દેશની ઉત્તરીય ભાગમાં હિમવર્ષા થઈ રહી છે. તેની અસરથી દેશના તમામ ભાગોમાં ઠંડા પવન ફૂંકાઈ રહ્યા છે ત્યારે ગુજરાતમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી કડકડતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આંકડા પર નજર કરીએ તો શુક્રવારે સવારે નલિયા ૩.૬ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે.

ઉપરાંત રાજ્યના વિવિધ શહેરમાં દિવસનું તાપમાન સામાન્યથી ઓછું રહેવાની સાથે સાથે દિવસભર સૂસવાટા મારતા પવનને કારણે લોકો દિવસે પણ ઠુંઠવાઈ રહ્યા છે. ગુરુવારે હવામાન વિભાગે આગાહી કરી હતી આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદનું તાપમાન ૯ ડિગ્રીની આસપાસ નોંધાશે. જે અનુસાર અમદાવાદમાં શુક્રવારે સવારે ૯.૫ ડિગ્રી ઠંડી નોંધાઈ છે. હજી આગામી કેટલાય દિવસો સુધી ગુજરાતમાં ઠંડીની અસર વર્તાશે તેવું હવામાન સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

## દિલ્હી, પંજાબ, જમ્મુ-કાશ્મીરમાં વિસ્ફોટકો મળી આવતા એલર્ટ

નવી દિલ્હી, તા.૧૫

પાંચ રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા જ દિલ્હી, પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં વિસ્ફોટકો મળી આવતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. દિલ્હીમાં ગાઝીપુરના ફૂલ માર્કેટમાંથી આજે એક બીનવારસી બેગમાંથી વિસ્ફોટકો મળી આવ્યા હતા. બીજી તરફ પંજાબને બોમ્બ ધડાકાથી હચમચાવવાનુ કાવતરુ પણ નાકામ બનાવાયુ છે. અમૃતસરના સીમાડે આવેલા ગામમાંથી મોટા પાયે આરડીએક્સનો જથ્થો મળી આવ્યો છે. એવુ કહેવાય છે કે,

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્રીય કર્મીઓના ડીએ અને ડીઆરમાં ૩ ટકાનો વધારો કરાયો

### આ વધારો ૧ જુલાઈ ૨૦૨૧થી લાગૂ રહેશે, કેન્દ્ર સરકારે પહેલાથી પોતાના કર્મચારીના ડીએને ૩૧ ટકા કરી દીધું છે

નવી દિલ્હી , તા.૧૫

નવા વર્ષની શરૂઆત થઈ ચૂકી છે, ત્યારે નવા વર્ષે કર્મચારીઓ માટે એક મોટા ખુશખબર સામે આવ્યા છે. સરકારે એકવાર ફરી કર્મચારીઓના ડીએ અને ડીઆરમાં ૩ટકાનો વધારો કર્યો છે. આ વધારો ૧ જુલાઈ ૨૦૨૧થી લાગૂ રહેશે. કર્મચારીઓની વચ્ચે આ જાહેરાત બાદ ખુશીનું મોજું ફરી વળ્યું છે. જોકે, કેન્દ્ર સરકારે પહેલાથી જ પોતાના કર્મચારીઓના ડીએ (ડીએ વધારા)ને ૩૧ ટકા કરી દીધું છે. હવે આ ક્રમમાં ઓડિશા રાજ્ય સરકારે પણ કર્મચારીઓના ડીએ અને ડીઆરમાં વધારો કર્યો છે. હવે ઓડિશાના કર્મચારીઓને પણ કેન્દ્રિય કર્મચારીઓની જેમ ૩૧ ટકા ડીએ અને ડીઆરનો લાભ મળશે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે શુક્રવારે રાજ્યના કર્મચારીઓ અને પેન્શનકારોને મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી કાર્યાલય તરફથી આપવામાં આવેલી જાણકારી અનુસાર, આ નિર્ણયથી રાજ્યના લગભગ ૭.૫ લાખ કર્મચારીઓ અને પેન્શનકારોને લાભ મળશે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના સાતમા પગાર પંચ હેઠળ કર્મચારીઓને ૩૦ ટકાનું એરિયર્સ આપવાનો નિર્ણય કર્યો છે. કર્મચારીઓને જાન્યુઆરી ૨૦૧૬ થી ઓગસ્ટ ૨૦૧૭ વચ્ચે વધેલા વેતનના ૫૦ ટકાનું એરિયર્સ મળશે. આ નિર્ણયથી રાજ્યના ૭ લાખ કર્મચારીઓને ફાયદો થશે. એટલે કે નવા વર્ષની શરૂઆતથી જ કર્મચારીઓનું વર્ષ સુધરી ગયું છે. રાજ્ય સરકાર તરફથી કરવામાં આવેલા વધારા બાદ હવે કર્મચારીઓના મોંઘવારી ભથ્થાનું મૂળ વેતનનો ૩૦ ટકા થઈ ગયું છે. તમને જણાવી દઈએ કે આ વધારો એક જુલાઈ ૨૦૨૧થી લાગૂ થશે. બીજી બાજુ, કેન્દ્ર સરકાર પણ એકવાર ફરી કેન્દ્રિય કર્મચારીઓના ડીએમાં વધારો કરી શકે છે. એઆઈસીપીઆઈ ઈન્ડેક્સના આંકડા જોઈએ તો સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી મોંઘવારી ભથ્થું ૩૩ ટકા થઈ ચૂક્યું છે. એટલે કે આ હિસાબે તેમાં ૨ ટકાનો વધારો થઈ ચૂક્યો છે.

